R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ
JANUARY - 2017
Total - 36 Pages
Vol No. 60 Issue No. 10

# કર્મનો મહિમા

(દોહરા)

કરતાં જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય,
વણ તૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય. ૧
મે'નત તેણ શરૂ કરી, ઉપર ચડવા માટ,
પણ પાછો હેઠે પડયો, ફાવ્યો નહિ કો ઘાટ. ૨
એ રીતે મંડી રહ્યો, ફરી ફરી બે-ત્રણ વાર,
પણ તેમાં નહિ ફાવતાં, ફરી થયો તૈયાર. ૩
હિંમત રાખી હોંશથી, ભીડયો છઠ્ઠી વાર,
ધીરજથી જાળે જઈ, પોંચ્યો તે નિર્ધાર. ૪
ફરી ફરીને ખંતથી, યત્ન કર્યો નહિ હોત,
ચગદાઈ પગ તળે, મરી જાત વણમોત. ૫
એ રીતે જો માણસો, રાખી મનમાં ખંત,
આળસ તજી મે'નત કરે, પામે લાભ અનંત. ૬

**2nd Cover Page**



### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા)

### પુરસ્કૃત ઉપનગર વિભાગ

# દ્વિતિય પ્રોગ્રામ

# Mr. & Miss બારોટ

**સ્થળ** : શ્રી પ્રબોધન ઠાકરે નાટયમંદિર, ચામુંડા સર્કલની પાસે, બોરિવલી (વેસ્ટ)

**તારીખ** : ૨૯-૧-૨૦૧૭, રવિવાર, સમયઃ સવારના ૯.૩૦ કલાકે

**ટિકીટદર** : નીચેના રૂા. ૬૦/-, બાલ્કની રૂા. ૪૦/-

**ટિકીટનું વિતરણ** : તા. ૨૨-૧-૨૦૧૭, રવિવારે સમયઃ સવારે ૯ થી ૧૧ કલાકે

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ-૪૦૦૦૦૪

૨) **વાંદરા થી ગોરેગામ** : શ્રી અજય પ્રવીણચંદ્ર દોશીઃ બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬.

૩) **મલાડ થી કાંદિવલી** : કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી): એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મોબાઈલ - વસંત દેસાઈ : ૯૮૨૧૦૫૪૩૨૯

૪) **બોરિવલી થી વિરાર** : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) : સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોબાઈલઃ ૯૮૨૦૦૧૧૫૮૬

**ટિકીટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે.**
**વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળથી મેળવી લેવી.**

**મયુર ટ્રેડીંગ કોર્પોરેશનઃ** ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે,

**સંપર્ક : જીગર કડકીઆ** - ૯૮૨૦૩૩૧૫૩૫

વધુ વિગત આવતા અંકમાં પ્રકાશિત થશે.

**મંત્રીઃ ભાવેશ મોદી – ૮૮૭૯૪૨૨૩૦૪** **સંયોજક : શ્રી કેતન કડકીઆ – ૯૩૨૪૨૨૦૨૧૧**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૧૦ | ૨૧-૧-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# સૌને હસતા રમતા રાખે ઘઉંના જવારા

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

માનવી પ્રબળ રોગપ્રતિકારક શક્તિ લઈને જ જન્મે છે. આ રોગપ્રતિકારક શક્તિનું જતન કરવામાં આવે તો તે માનવીને મરણપર્યંત નિરોગી રાખવામાં સમર્થ છે. ડૉ. વેન્ડેલ મેકલોડ સાચું જ કહે છે. ખરેખર તો આપણે કુદરતની રોગપ્રતિકારક અને રોગનિવારક શક્તિઓમાં વિશ્વાસ રાખવો જોઈએ. તેને બદલે આપણે દવાઓના ઉપયોગ તરફ વધુ ને વધુ ઢળી રહ્યા છીએ. પ્રોફેસર હર્બર્ટ રટનર કહે છે. આપણે કુદરતને તક ન આપીને ખોટી ઉતાવળ કરીએ છીએ. સામાન્ય માંદગીનું પ્રથમ લક્ષણ પ્રગટ થતાં જ આપણે શક્તિશાળી દવાઓ લેવા માંડીએ છીએ. મોટા ભાગની માંદગીઓને શરીરની રોગનિવારક શક્તિ જ કાબૂમાં લાવી દે છે તે માટે ચિકિત્સકના હસ્તક્ષેપની જરૂર નથી. આ રોગનિવારક શક્તિ કોઈ કપોલકલ્પિત વસ્તુ નથી. ડૉ. હાન્સ સેલ્વિએ આ શક્તિને વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા પુરવાર કરી છે. તેમણે આ શક્તિને 'એડપ્ટેશન એનર્જી' નામ આપ્યું છે. આ શક્તિ ભૌતિક, રાસાયણિક અને માનસિક તાણનો સામનો કરે છે અને માનવીને સ્વસ્થ રાખે છે.

આ રોગપ્રતિકારક શક્તિ નબળી પડવાનાં અનેક કારણો છે. અયોગ્ય ખાનપાન, અનિયમિત જીવન, વ્યસનોની ગુલામી, શારીરિક પરિશ્રમનો અભાવ, પ્રદૂષિત વાતાવરણ અને દવાઓનો અવિચારી ઉપયોગ આ માનવીની કુદરતી રોગપ્રતિકારક શક્તિને નિઃસત્વ કરનારાં પરિબળો છે. રોગપ્રતિકારક શક્તિ જ્યારે

નિર્બળ બને છે ત્યારે તે રોગોના આક્રમણને ખાળી શક્તી નથી. ઈશ્વરે માનવીને જન્મ આપ્યા પછી તેનું પોતાનું રક્ષણ અને પોષણ કરવાની જવાબદારી તેને જ સોંપી છે આ સત્ય સમજીને દરેકે કુદરતી રોગપ્રતિકારક શક્તિને બળવાન બનાવવા તત્પર રહેવું જોઈએ. આ માટેના સચોટ ઉપાયો પણ છે. ખાન-પાનની યોગ્યતા, અયોગ્યતા વિશે સમજ કેળવો અને યોગ્ય ખાનપાન અપનાવો. પેટ ઠાંસીઠાંસીને ન ભરો. ખાંડ અને મીઠાના ઉપયોગ પર કાપ મૂકો. જીવનમાં શારીરિક શ્રમને નિયમિતરૂપે સ્થાન આપો. માનસિક તાણને દૂર રાખવાની કળા શીખીલો જીવનની ઊજળી બાજુ જુઓ, કર્મયોગી બનો. જે માણસ કર્મ કરતો રહે છે પરંતુ ફળની ઈચ્છા રાખતો નથી તે મનોશારીરિક બીમારીઓથી બચી શકે છે.


અનેક વિખ્યાત આહારશાસ્ત્રીઓ ઘઉંના જવારાને પૃથ્વી પરનું અમૃત ગણે છે. ડૉ. ગાલાએ આના પ્રચાર, પ્રસારમાં સરાહનીય કાર્ય કર્યું છે. તેઓ લોકોના પ્રેરણાદાયી અને પથદર્શક રહ્યા છે. ઘઉંનાં જવારામાં એવા ક્યાં તત્વો છે જે તેને આવી સર્વોપરિતા અને શ્રેષ્ઠતા બક્ષે છે ? ઘઉંના જવારામાં અનેક પોષણદાયક અને રોગનિવારક તત્વો છે. તેમાં બધા જ જરૂરી ક્ષારો તેમજ પ્રજીવક - એ, સી, બી, ઈ, કે, લિટ્રાઈલ-બી વગેરે રહેલાં છે. આ ઉપરાંત તેમાં કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન અને ચરબી પણ રહેલા છે. લિટ્રાઈલ કેન્સરનિવારણમાં ઉપયોગી નિવડે છે. પરંતુ જવારાનું સૌથી વધુ મહત્વનું તત્વ તો છે કલોરોફિલ. આ ક્લોરોફિલ ક્લોરોપ્લાટ્સ નામના ખાસ પ્રકારનાં કોષોમાં હોય છે. કલોરોપ્લાટ્સ સૂર્યકિરણોની મદદથી પોષક તત્વોનું નિર્માણ કરે છે. આ જ કારણે વૈજ્ઞાનિકો ક્લોરોફિલને 'કેન્દ્રિત સૂર્યશક્તિ' કહે છે. બધી જ વનસ્પતિઓમાં ઘઉંના જવારા કલોરોફિલનું શ્રેષ્ઠ પ્રાપ્તિસ્થાન છે. ક્લોરોફિલ માનવરક્તના હેમન સાથે અતિશય સામ્ય ધરાવે છે. તેથી જ આહારશાસ્ત્રીઓ જવારાના રસને 'લીલું લોહી' કહે છે. ક્લોરોફિલ લોહીની અશુદ્ધિઓ દૂર કરે છે. તેના સેવનથી લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ વધે છે. ક્લોરોફિલ પાચનતંત્રના સ્વાસ્થ્યને અપૂર્વ લાભ કરે છે. ક્લોરોફિલ પૂર્ણપણે સલામત અને નિર્દોષ છતાં ખૂબ જ અસરકારક તત્વ છે. ક્લોરોફિલના સ્ત્રોત તરીકે ઘઉંના જવારા અજોડ છે. ઘઉંના જવારામાં વિપુલ પ્રમાણમાં સક્રિય ક્લોરોફિલ રહેલું છે. તેની સરખામણીમાં અન્ય લીલી વનસ્પતિઓ (ઘાસ) કે ભાજીઓ વામણી પુરવાર થાય છે.

ઘઉંના જવારા ઉગાડવા ત્રણેક ઈંચની ઊંડાઈ અને લગભગ એક ચોરસ ફૂટ માપ ધરાવતાં સાત કૂંડા (અથવા ટોપલી, પતરાના ડબ્બા, લાકડાનાં ખોખાં) લેવા. સાત જ કૂંડા એટલા માટે ઘઉં વાવ્યા પછી આઠમા દિવસે જવારા જરૂરત જેટલાં ઊંચા થઈ જાય છે. જવારાની સારી ઉપજ મેળવવા માટે ત્રણ ભાગ માટી (ચીકણી કે રસાયણિક નહીં) અને એક ભાગ ખાતર (કંપોસ્ટ ખાતર અથવા છાણિયું ખાતર)નું મિશ્રણ સારું રહે છે. પાત્રનો ઉપરનો અડધા ઈંચ જેટલો ભાગ ખાલી રહે તેટલું માટી અને ખાતરનું મિશ્રણ પાત્રમાં ભરવું.

જવારા ઉગાડવા માટે સારી જાતના અને મોટા દાણાવાળા ઘઉં લેવા. મોટા દાણાવાળા, ઘઉંમાંથી ઊગેલા જવારા પહોળા અને રસથી ભરેલા હોય છે. દરેક વખતે વાવવા માટે લગભગ ૧૦૦ ગ્રામ ઘઉં લેવા જોઈએ. આટલા ઘઉંમાંથી લગભગ ૧૦૦ ગ્રામ જવારા મળી રહે છે. જેમાંથી ૪ થી ૬ ઔંસ રસ નીકળે છે. એક દરદી માટે આટલું પ્રમાણ આખા દિવસ માટે પૂરતું છે. વાવતાં પહેલાં ઘઉંને ફણગાવી લેવા. ફણગાવવા માટે ઘઉંને પ્રથમ લગભગ બાર કલાક સુધી થોડા પાણીમાં પલાળી રાખવા. આટલા સમયમાં ઘઉં સારી રીતે ફૂલી જાય છે. આવા ફૂલેલા ઘઉંને એક ભીના જાડા કપડામાં ૧૨ થી ૧૪ કલાક સખત બાંધી રાખવા. આટલા સમયમાં ઘઉં

અંકુરિત થઈ જાય છે. અર્થાત તેમાં ફણગા ફૂટે છે જો માત્ર ૫૦ ટકા જ ઘઉં અંકુરિત થયેલા જણાય તો ૧૦૦ ગ્રામને બદલે ૨૦૦ ગ્રામ ઘઉં વાવવા જરૂરી છે.

અંકુરિત ઘઉં માટીની ઉપર ખૂબ નજીક નજીક અર્થાત દાણા એકબીજાને અડે એ રીતે પાથરી દેવા. પછી તેની ઉપર માટીનું એક પાતળું થર પાથરવું. ત્યારબાદ તેની ઉપર થોડું પાણી છાંટવું. પાણી રેડવાનું નથી. પણ છાંટવાનું છે વધુ પ્રમાણમાં પાણી સીંચવામાં આવેતો ઘઉં સડી જાય છે. ઉગાડેલા જવારા પર સામાન્ય રીતે ૨૪ કલાકમાં એક જ વખત પાણી છાંટવું. પાણી છાંટવા માટે મોડી બપોર અથવા વહેલી સાંજનો સમય સારો ગણાય. ઉનાળામાં બે-ત્રણ વખત પાણી છાંટવાની જરૂર રહે છે. કૂંડા ત્રણ-ચાર કલાકથી વધારે સમય તડકામાં ન રહે તે જોવું. બપોરે તડકો સખત હોય ત્યારે તો કૂંડા છાંયડામાં જ રાખવા. પહેલા દિવસે પહેલાં કૂંડામાં ૧૦૦ ગ્રામ ઘઉં વાવવા, બીજા દિવસે બીજા કૂંડામાં આમ સાત દિવસમાં સાત કૂંડામાં ઘઉં વાવવાના છે. પહેલા દિવસે વાવેલા ઘઉં આઠમા દિવસે ૪-૫ ઈંચની ઊંચાઈ જેટલા થઈ જાય છે એટલે આઠમા દિવસે કાતર વડે બને એટલા નીચેથી જવારા કાપી લેવા અને ત્યાર પછી ધોઈને ઉપયોગમાં લેવા. જવારા મૂળિયામાંથી ઉખેડવા નહી. જવારાને ૪-૫ ઈંચથી વધુ ઊંચા થવા ન દેવા, કારણકે ત્યાર પછી ધીમે ધીમે તેમાંથી ક્લોરોફિલ અને અન્ય પોષક તત્વો ઓછા થવા લાગે છે. વળી તેમાંથી કૂણાશ પણ ઓછી થાય છે. જેથી રસ ઓછો નીકળે છે. જવારા ચાવીને ખાવાથી અમુક પ્રકારના લાભો થાય છે. તો જવારાનો રસ કાઢીને પીવાથી બીજા પ્રકારના લાભો થાય છે. જવારાનો પ્રયોગ કરનારાઓએ બન્ને પ્રકારના લાભો મેળવવા. જવારાનો રસ બિલકુલ તાજો પીવાનું ખૂબ મહત્વ છે. રસ કાઢીને મૂકી રાખવાથી તેમાં રહેલાં કિંમતી તત્વોનો ધીમે ધીમે નાશ થવા લાગે છે. વાસી રસ પીનારને ધાર્યો ફાયદો થતો નથી.



જવારાનો પ્રયોગ કરનારાઓએ પ્રથમ જવારાનું (કે તેના રસનું) પ્રમાણ ઓછું રાખવું અને પછી ક્રમશઃ વધારતા જવું. જવારાનો રસ વહેલી સવારે નરણે કોઠે પીવાથી વધુમાં વધુ લાભ થાય છે. જવારાના રસનો ઉપયોગ એનિમા, ડ્રેસિંગ (ઘા-જખમ પર પાટાપીંડી), કોગળા વગેરેમાં થઈ શકે છે. ઘઉંના જવારા લગભગ દરેક રોગમાં ઉપયોગી છે. શરીરના દરેક તંત્ર પર જવારાની શુભ અને રોગનિવારક અસર ચોક્કસ થાય છે. જો તમે સતત થાક અને સુસ્તી અનુભવતા હો તો જવારાનો પ્રયોગ કરી જુઓ. જો તમે કોઈ અસાધ્ય બીમારીથી પીડાતા હો તો જવારાનો ઉપચાર તમને ચોક્કસ લાભ આપશે. અન્ય કોઈપણ ઈલાજ અજમાવતાં પહેલાં જવારાને એક તક આપી જુઓ.

એક ગૃહસ્થને પાર્કિન્સન્સનો રોગ હતો. તે કારણે તેમનું શરીર કંપ્યા કરતું હતું. તેઓ બરાબર ચાલી પણ શક્તા નહીં. તેમનો ચહેરો સદા ભાવહીન રહેતો. જવારાનો રસ લેવાનું શરૂ કર્યા પછી થોડા જ દિવસોમાં તેમનો કંપ દૂર થયો. ઉત્સાહિત થઈને તે સદ્‌ગૃહસ્થે જવારાનો પ્રયોગ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો.

એક વયોવૃધ્ધને દૂઝતા હરસની તકલીફ હતી અનેક ઉપાયો છતાં આરામ થતો નહોતો. છેવટે તેમણે ઘઉંના જવારાનો રસ લેવાનું શરૂ કર્યું. માત્ર એક ચમચા જેટલા રસથી શરૂઆત કરી અને ધીમે ધીમે તેની માત્રા વધારતા ગયા. શરૂઆતમાં તેમને અવારનવાર પાતળા ઝાડા થઈ જતા, પરંતુ એક અઠવાડિયામાં આ તકલીફ શમી ગઈ. ત્રણ અઠવાડિયામાં લોહી પડવાનું બંધ થયું. એક મહિનામાં હરસની તકલીફ સાવ મટી ગઈ.

ઘઉંના જવારા વડે રોગ-ચિકિત્સા કરતી વખતે સાદો, સમતોલ, મિતાહાર લેવાનું ચાલુ રાખવું. નીચે જણાવેલ રોગો પર જવારાથી સારો લાભ થાય છે. ૧) શ્વસનતંત્રના રોગોઃ શરદી, ખાંસી, દમ, બ્રોન્કાઈટીસ, (૨) હૃદય અને રુધિરાભિસરણતંત્રના રોગો : પાંડુરોગ, રક્તનું ઊંચું દબાણ, રક્તવાહિનીઓનું કઠિની કરણ, આંતરિક રક્તસ્ત્રાવ. (૩) પાચનતંત્રના રોગો : કબજિયાત, અપાચન અને વાયુ, ઊબકા, ઊલટી, એસિડિટી, પેટ અને આંતરડાંના ચાંદા, આંતરડાનો સોજો, મધુપ્રમેહ, ગળાનો સોજો-દુઃખાવો, કૃમિ (૪) દાંત અને પેઢાની તકલીફોઃ દાંતનો સડો, ઢીલા દાંત, પેઢામાંથી પરુ નીકળવું, પેઢામાં ચાંદા પડવા, પેઢામાંથી રક્તસ્ત્રાવ થવો. (૫) સાંધાઓના વ્યાધિ, સાંધાઓનો સોજો, સાંધાનો દુઃખાવો, સાંધાનો ઘસારો, હાડકાનો સડો. (૬) મગજ અને જ્ઞાનતંતુ તંત્રના રોગોઃ કંપવા (પાર્કિન્સન્સ) (૭) ચામડીના રોગો :- ખરજવું, ખીલ, ગૂમડાં, ઘા-જખમ, ડંખ, દાઝી જવું. (૮) મૂત્રતંત્રના રોગો : પથરી, મૂત્રાશયનો દાહ, મૂત્ર પિંડોનો દાહ (૯) પ્રજનનતંત્રના રોગોઃ માસિકની અનિયમિતતાઓ, જાતીય નબળાઈ (૧૦) કાનના રોગોઃ કાનનો દુઃખાવો, કાનમાંથી પરુ નીકળવું, (૧૧) અન્ય તકલીફો, સામાન્ય નબળાઈ, અનિદ્રા, માથાનો દુઃખાવો, તાવ ઈત્યાદિ ઘણી તકલીફો જવારાના સેવનથી દૂર કરી શકાય છે. કેન્સરનાં દર્દીઓ માટે પણ આશાનાં નવાં કિરણો પ્રગટાવ્યા છે. આ ઉપરાંત જે રોગોનો નિર્દેશ થયો ન હોય એવા અન્ય રોગોમાં પણ જવારા રસનો ઈલાજ અજમાવવો જોઈએ.

જવારાના પ્રશંસક અને સમર્થક ડૉ. વિગ્મોર દરેક જાતની તકલીફવાળાઓને આમંત્રણ આપતાં કહે છે કે આ સારવાર માત્ર એકવીસ દિવસ લઈ જુઓ. આપને નક્કી ખાતરી થશે કે આપના શરીરમાંથી રોગ ભાગી રહ્યો છે અને શરીરમાં નવું ચેતન ઊભરાઈ રહ્યું છે. જવારાનો રસ એ કેવળ ઔષધ જ નહીં, કાયાકલ્પ કરનાર અમૃત પણ છે. ✤✤✤✤✤

## પરિવાર એટલે ?

**- ગીતા રાજેન્દ્ર કડકીઆ**

૧) પરિવાર એટલે એક સાથે પોતાના બાળકોને માતા પિતા સાથે રહેતા એવું સંયુક્ત હોય તેનું નામ છે પરિવાર....

૨) બંધારણ નાં હોય પણ વ્યવસ્થા હોય તેનું નામ ...

૩) સુચન નાં હોય પણ સમજણ હોય. તેનું નામ..

૪) કાયદોનાં હોય, પણ અનુસંધાન હોય,

૫) ભય નાં હોય પણ ભરોસો હોય તેનું નામ પરિવાર

૬) શોષણનાં હોય પણ પોષણ હોય.. તેનું નામ

૭) આગ્રહનાં હોય, પણ આદર હોય... તેનું નામ.

૮) સંપર્કનાં હોય પણ સંબંધ હોય. તેનું નામ..

૯) અર્પણ ના હોય, પણ સમર્પણ હોય તેનું નામ

૧૦) સંબંધો એટલે એક પવિત્રતાનાં દોરા પરોવેલાં પ્રેમનાં મોતી તેનું નામ પરિવાર,

૧૧) જીવનમાં સુખદુઃખનાં સારથી બની રહે તેનું નામ પરિવાર.

૧૨) પોતાનાં પરિવારને ક્ષણે ક્ષણે યાદ કરે તેનું નામ ...

૧૩) ઈશ્વર પણ એક આપણાં પરિવારનાં મહાભોમી છે. સર્વસ્વ, સદસ્ય છે તેનું નામ પરિવાર છે.

૧૪) આત્માનું પરમઆત્માનું મિલન થાય તે પરિવાર.

૧૫) પરિવાર એટલે પંચમહાભૂતોમાંથી બનેલો છે પરિવારનાં સંબંધો નાજુક લાગણી પ્રધાન છે તો તેને સાચવવાં ખૂબ મહત્વના છે તો સાચવજો, જાળવી રાખજો, પતંગની દોરીની જેમ છોડી દેશો તો ક્યાંય તે દૂર જશે. તેને દૂર ન જવાં દેતાં હવામાં નહિ તેને તો હૈયામાં જ રાખજો.

**'જીંદગી એવી ન જીવો કે લોકો ફરીયાદ કરે'**
**જીંદગી એવી જીવો કે લોકો તમને ફરિ યાદ કરે.**

## સપનું

**- સરલાબેન દેસાઈ (દેડકી)**

આજ સ્વપ્નામાં આવ્યા છે શ્યામ,
ધીરેથી બોલાવી કરતો એ વાત,
મીઠી વાણીથી મને બોલાવે,
હૈયાની હાટડીમાં મને ડોલાવે.
દુનિયાની વાતો ભુલી રે જાજે
મારા ચરણોમાં લોટતી આવજે.
બંસરીના નાદમાં ડુબતી જાજે
ગોપી ની સંગે ડોલતી આવજે.
આવો અમુલખ અવસર આવ્યો
કાનાની સંગે ખેલવા આવ્યો.
માયાના બંધન તોડ જે શ્યામ.
રોજ રોજ સપનામાં આવજે શ્યામ

ફોનઃ ૨૩૬૩૨૬૦૮ - ૨૩૬૭ ૬૩૯૭

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**

**આયોજીત**

**માતુશ્રી કમળાબેન તથા**
**પિતાશ્રી લક્ષ્મીદાસ છોટાલાલ મોદી**

## સ્મૃતિ ભક્તિ સંધ્યા

**આત્મપ્રિય ભાઈશ્રી/બહેનશ્રી,**

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ દ્વારા યોજાતી ઉપરોક્ત સ્મૃતિ ભક્તિ સંધ્યામાં નીચે જણાવેલ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

**કાર્યક્રમઃ**

**વાર** : બુધવાર

**તારીખઃ** ૧-૨-૨૦૧૭ -

**સમયઃ** સાંજે ૫.૧૫ થી ૭.૩૦ કલાકે

**ભક્તિ સંગીત : કુ. શર્મીલા શાહ**

**વક્તાઃ સુરેખાબેન શરદભાઈ કડકીઆ**

**વિષયઃ પુષ્ટીમાર્ગના પાંચતત્વ**

**સ્થળઃ**
પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન,
સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક,
બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭

**નિમંત્રકઃ**

**મોદી પરિવાર : સૌજન્ય :**

**માની કોશી - ૯૭૬૯૯૫૮૮૦૪**

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**
**ટ્રસ્ટીગણ**

**સર્વેને સપ્રેમ આમંત્રણ છે.**

## બાલાસિનોર મેડીકલ સેન્ટર

**શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ**

### પાર્ટ ટાઈમ જોબ

બાલાસિનોર મેડિકલ સેન્ટર, ચોપાટી, મુંબઈ - ૭ ખાતે વધતા જતા કામોને પહોંચી વળવા આપણા સમાજની બહેનોને આહવાહન.

પાર્ટ ટાઈમ કાર્ય માટે કોમ્પ્યુટરની આવડત ધરાવતી યોગ્ય બહેનોની આવશ્યકતા છે. સમય સવારના ૮ થી ૧૨ યોગ્યતા મુજબ વળતર ચૂકવવામાં આવશે.

વધુ જાણકારી માટે પ્રમુખ શ્રી પંકજ કાંતિલાલ ધારિઆનો સંપર્ક કરવો અથવા મળો ૯૮૨૧૦૨૮૭૬૨.

**શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ**
**મેડીકલ ટ્રસ્ટ વતી**
**-કારોબારી સમિતિ**

## બાલાસિનોર મેડીકલ સેન્ટર

**શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ**
**સર્વે વાડાસિનોરના વતનિઓ,**

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે, આંખોના રોગોના નિદાન હેતું, બાલાસિનોર મેડકલ સેન્ટર દ્વારા 'SLIT LAMP' નામક નવું ઈમ્પોરટેડ મશિન વસાવવામાં આવેલું છે. આ મશિનની મદદ થી તબીબી દ્વારા આંખોના રોગો જો કે, મોતિયો, કોર્નિયા, આંખમાં કણી ગઈ હોય. એલર્જી સુકી આંખો, કિકિના વિગેરે વિગેરે રોગો નાં નિદાનો ઘણા સરળ અને સચોટ રીતે થાય છે.

હાલમાં આપણા સેન્ટરમાં ડૉ. રાજીવ પરિખ તથા ડૉ. આલોક ગાંધી ફક્ત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા. ૫૦ સાથે સેવા બજાવી રહ્યા છે.

આપ સૌ વાડાસિનોર વાસિઓને અમારું નમ્ર નિવેદન કે સંજોગો વસાત યદિ આપ આ રોગોના ભોગ બન્યા હો અથવા આપણી જાણમાં જો કોઈ આવા દરદી હોય તો આપ આપણા સેન્ટર દ્વારા જણાવેલ સુવિધાઓનો લાભ અવશ્ય ઉઠાવજો અને સેન્ટરની પ્રગતિમાં આપનો અમુલ્ય ફાળો આવશ્ય નોંધાવજો. આપણાં સેન્ટરની પ્રગતિએ આપણી પ્રગતિ હશે.

શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ વતિ **- કારોબારી સમિતિ**

## તુજને મળવા

**- પ્રવિણા અવિનાશ**

હું આવી છું દોડીને મળવા તુજને
કૃપા કરીને શ્રીજી આજે અપનાવી લે તું મુજને
તારા દર્શને પ્યાસું હૈયુ મારું તૃપ્ત થયું
અપનાવીલે દાસને આજે જીવન મારું સફળ થયું
તારું સુમિરન હરદમ આ દિલમાં વસ્યું
શરણે આવી મોહ, માયાને આસક્તિ વિસરી ગયું
વણમાગે તે દીધું ઘણું કેમ કરી વિસરી શકું
તારા દીધેલ આ જીવનને સતકર્મે સાર્થક કરું.
તારો ઝાલ્યો હાથ, સુનહરો સાથ પામું
માર્ગ ચીંધી ઈશારો કરજે, આંખ મીંચી ચાલી આવું.

**હ્યુસ્ટન ટેકસાસ - અમેરિકા**

## અન્ન, આર્થિક જીવન નિર્વાહ સહાય અંગે ગીરીપુજા કોકિલાબેન પ્રવિણચન્દ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના, શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) અન્ન સહાય યોજના અને શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ જીવન નિર્વાહ યોજના

ઉપરોક્ત યોજનાઓ હેઠળ પ્રતિ વર્ષે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા. ૧-૪-૨૦૧૭ થી તા. ૩૧-૩-૨૦૧૮ દરમ્યાન સહાય આપવાની છે. આ અંગેના અરજીપત્રકો તા. ૨૭-૧-૨૦૧૭ થી તા. ૧૦-૩-૨૦૧૭ સુધી નીચેના સ્થળોએથી આપવામાં આવશે. જરૂરી વિગતો ભરી આપ તા. ૧૦-૩-૨૦૧૭ સુધી અરજીપત્રકો આપી શકો છો.

**સ્થળો:**

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ**
૪૫-૪૯ બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે,
બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

૨) **શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ**
૮/૯ મહેતા હાઉસ, બીજે માળે,
પંડિત રમાબાઈ રાનડે રોડ,
ભારતીય વિદ્યા ભવનની સામે,
ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭

૩) **મે. શૈલેશ ટયુબ એન્ડ હાર્ડવેર માર્ટ**
૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે,
મુંબઈ - ૪૦૦૦૦૩

૪) **શ્રી મણીકાંતભાઈ કડકીઆ**
મોટા મંદિરની સામે, બજાર
બાલાસિનોર

**- સંયોજક રજની કડકીઆ**

**વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.કે.સો.લીમીટેડ**
**શેર હોલ્ડર ભાઈઓ/બહેનો**

## શેર બદલાવવા માટેની અગત્યની સુચના

૧) જે કોઈ સભ્યોએ K.Y.C. ફોમ જમા ન કરાવ્યા હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે જમા કરાવીને પોતાનું ડીવીડન્ડ મેળવી લેવું.

૨) સોસાયટી દ્વારા જારી થયેલા ૧૦૦ રૂપિયાના નવા શેરો જે કોઈ સભ્યોએ બદલાવીને લીધા ન હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે બદલાવી લેવા અને પોતાનું ડીવીડન્ડ મેળવી લેવું.

૩) ઘરમાં મુત્યુ પામેલા શેર હોલ્ડર સભ્યોના શેરો તેમના નોમીનીઓએ વહેલી તકે શેરો ટ્રાન્સફર કરવા અથવા તો સોસાયટીને પાછા આપીને તેમની વિગતો પૂર્ણ કરવાની રહેશે.

૪) સોસાયટીના નિયમો પ્રમાણે અને KYC ની જરૂરિયાત મુજબ હશે તોજ મેમ્બરની મેમ્બરશીપ રહેશે નહીતર સોસાયટીને શેરો પાછા આપવા અને તેમની વિગતો પૂર્ણ કરવા વિનંતી છે.

**- કારોબારી સમિતિવતી**

---

**બાલાસિનોર નવયુવક સંઘ**

## નોટબુક રાહત યોજના

**મનોજભાઈ, અમરીશભાઈ કચેરીયા**

**કન્સેશનલ રેટ નોટબુક યોજના**

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજકનો સંપર્ક કરે અને નોટબુક વિષે માહિતી મેળવીલો. તેઓએ પોતાની ઓફર 'સીલ્ડ' (Sealed) કરવામાં સંસ્થાની ઓફીસમાં તા. ૨૮-૨-૧૭ પહેલા જમા કરાવવાની રહેશે.

**નોંધઃ નોટબુક સાઈઝ A-૪ ઝમ્બો રહેશે.**
**નોટબુક પાનાં ૫૪ ગ્રામ રહેશે.**
**નોટબુક કવર પેજ સાથે ૧૮૪ પાના ના રહેશે.**

**મંત્રી** — **ભાવેશ મોદી** — ૦ ૯૮૬૯૦૮૦૨૮૭

**સંયોજકઃ** — **અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** — ૦૯૮૩૩૮૬૭૬૦૧

## શ્રી વાડાસીનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ

## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

# શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપયુક્ત મંડળ-ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થી મિત્રોએ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૩૧-૧-૨૦૧૭ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૬-૧૭)ની ફી ભર્યાની Original રસીદ (Xerox સાથે) તેમ જ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

**અરજીપત્રક સંપૂર્ણ વિગત ભરીને પાછા આવવાનું સ્થળ :**

**શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**

બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કાનગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨,

**સમય:** સોમ થી શનિઃ બપોરે ૩ થી ૫.૩૦ કલાક

**શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)**

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫-૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

**સમય:** સોમવાર થી શનિવાર બપોરના ૪.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી

**વિદેશ જઈ અભ્યાસ કરનાર માટે ફોર્મ ભરવાનું સ્થળ :**

**શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ**

શ્રીપતી આર્કેડ, ૨૩મા માળે, એ.કે.માર્ગ, નાનાચોક, મુંબઈ - ૪૦૦૦૩૬

**સમય:** સાંજે ૩ થી ૫

સંપુર્ણ વિગત ભરેલા અરજીપત્રક મળ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે.

**મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક મેળવવાનું સ્થળ :** શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ,

બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫-૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

**સમય:** સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬ કલાક સુધી.

**માનદ્‌મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશ ધારીઆ** — **૯૮૨૦૧૩૫૦૧૪**

**શ્રી જસ્મીન બિપિન શેઠ** — **૯૮૨૦૮૩૦૦૬૦**

શ્રી ગોકુલેશો જયતિ **૨૨મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ

# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૩ના મહા વદ અમાસ ને **રવિવાર, તા. ૨૬-૦૨-૨૦૧૭** ના રોજ **અડુકીઆ સ્કુલ ગ્રાઉન્ડ**, રામગલી, શાંતિલાલ મોદી રોડ, આઈસીઆઈસીઆઈ બેંકની સામે, કાંદીવલી (વે), મુંબઈ-૬૭. ના મુકામે યોજવામાં આવેલ છે. **આ પ્રસંગે પ.પૂ.ગો.સ્વામી શ્રી વલ્લભબાવાશ્રી સહપરીવાર પધારવાના છે** અને એમના સાંનિધ્યમાં ફગવા મહોત્સવ ઉજવવામાં આવશે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

### ❁ ઉત્સવના મનોરથી ❁



**સુધાબેન કંચનલાલ કડકીઆ (લટકારી)**

**હસ્તે મનીષા નિલેશ કડકીઆ (લટકારી)**



### ❁ શોભાયાત્રા ❁

મનોરથીના નિવાસસ્થાન એ-૨૦૧, કૈલાશ ટાવર, એમ.જી.રોડ, વોરા કોલોની પાસે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭. ફોન : ૨૮૦૭ ૪૫૪૩, મો : ૯૮૨૦૧ ૨૦૫૧૦, બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

**લી. નિલેશ કંચનલાલ કડકીઆ, મનીષા નિલેશભાઈ, પાર્થ - રવિના, ભાવી ના જે જે શ્રીગોકુલેશ**

### ❁ ખેલના દર્શન ❁

**સાંજે ૬.૦૦ કલાકે અડુકીઆ સ્કુલના ગ્રાઉન્ડ ખાતે શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન થશે. તેમજ શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસીયા ગવાશે તો દરેક વૈષ્ણવોને ઉપરનાં દરેક પ્રસંગે ઉપસ્થીત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે.**

**લી. કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના જૈ જૈ શ્રીગોકુલેશ**

---

નોંધ : **શનિવાર**, તા. **૨૫-૨-૨૦૧૭**ના રોજ **પ.પૂ. ગો.સ્વામી શ્રી વલ્લભબાવાશ્રીના જન્મદિવસના પ્રસંગ ઉજવવાનો અવસર અમને મળ્યો છે તો સર્વે વૈષ્ણવને અમારા નિવાસસ્થાને સાંજે ૬.૦૦ કલાકે જન્મદિવસનો પ્રસંગ ઉજવવામાં અને પ્રસાદ લેવા ભાવભીનુ આમંત્રણ છે.**

# બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબ કેમ્પ યોજવામાં આવેલ

૧) **શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પઃ**- તા. ૨૦-૧૨-૧૬ તથા તા. ૨૧-૧૨-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૪૨ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને કુલ રૂા. ૩૮૨૯૫/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં હોસ્પિટલના વિવિધ વિભાગોના નિષ્ણાંત ડૉકટરોની સેવાઓ મળેલ.

૨) **શ્રીમતી કલાવતીબેન કાંતિલાલ સાંકરલાલ મહેતા સ્ત્રી રોગ નિદાન કેમ્પઃ** તા. ૧-૧૨-૧૬ના રોજ યોજવામાં આવેલ. કુલ ૪૧ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા ૧૬ દર્દીઓને ઓપરેશન માટેની તારીખો આપવામાં આવેલ. તેમજ સાત દિવસની દવાઓ ફ્રી કરવામાં આવેલ. પેથોલોજીના રૂા. ૨૬૬૦/- તથા ઈસીજીના રૂા. ૮૦૦/- ફ્રી કરવામાં આવેલ. બીપીએલ કાર્ડ ધારક દર્દીઓના ઓપરેશન વિના મૂલ્યે તેમજ મધ્યમવર્ગના દર્દીઓના ઓપરેશનનો રાહત દરથી કરવામાં આવેલ.

૩) **છારી કાઢવાનો કેમ્પઃ** તા. ૨૩-૧૨-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૨૧ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૪) **ઈકો કેમ્પઃ** તા. ૪-૧૨-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૬ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

હોસ્પિટલમાં નવે - ૧૬ના માસમાં ગાયનેકના મેજર ઓપરેશન ૪૩ તથા આંખના મોતીયાના ૧૨૪ ઓપરેશન કરવામાં આવેલ.

**કે.એમ.જી જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ : સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માટે વધુ નોંધાયેલ દાનઃ**

**૧) શ્રી બીપીન વઝરાની - રૂા. ૧,૦૦,૦૦૦/-**

**૨) શ્રી ઉમેશ કંચનલાલ મોદી - રૂા. ૧૧,૧૧૧/-**

વર્ષ ૨૦૧૬-૧૭નો દાતાશ્રીઓના સન્માનનો વાર્ષિક સમારંભ તા. ૫-૩-૧૭ને રવિવારના રોજ હોસ્પિટલના પટાંગણમાં યોજવામાં આવનાર છે સર્વે બાલાસિનોરવાસીઓને હાજર રહેવા ભાવભીનું આમંત્રણ છે.

**સુપર સ્પેશ્યાલીટી સેન્ટર :** શ્રી કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના છેલ્લા સ્લેબનું કામ પૂર્ણ થવાના આરે છે. સાથે સાથે અંદરનું લાદી ફીટીંગનું કામ પણ ચાલુ છે. આ બાંધકામની પ્રગતિ સંતોષકારક રીતે થઈ રહી છે. દાતાશ્રીઓને અગાઉની જાહેરાત મુજબની સ્કીમો માટે દાન આપવા વિનંતી.

**- શ્રી રાજેન્દ્ર દેસાઈ**
**શ્રી નિતીન પરીખ**
**માનદ્‌મંત્રીશ્રીઓ**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ**

૪૫-૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

**શ્રીમતી સુમનબેન સુર્યકાંત શાહ તથા શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત**

# શ્રી ફગવા ઉત્સવ

વાડાસિનોર સમસ્ત દશાનિમા વૈષ્ણવો જોગ

ઉપરોક્ત સમાજ તરફથી શ્રીમતી સુમનબેન સુર્યકાંત શાહ તથા શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત શ્રી ફગવા ઉત્સવ શનિવાર તા. ૧૮-૨-૨૦૧૭ના શુભ દિને મુંબઈમાં ધામધૂમથી ઉજવવામાં આવશે.

**ઉત્સવના મનોરથી:**

આ ઉત્સવના મનોરથી પ.ભ.શ્રી પંકજ બાબુલાલ ગાંધી અને તેઓનો સમસ્ત પરિવાર છે.

**કાર્યક્રમ**

તા. ૧૮-૨-૧૭ના રોજ બપોરે ૩.૩૦ કલાકે મનોરથીનાં નિવાસસ્થાને, કુમાર વિલાસ ૧લે માળે, બ્લોક નં. ૭ મંગલવાડી, ગીરગાંવ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. સમાજની કિર્તનીયા મંડળી રસીયાની રમઝટ બોલાવશે.

સાંજે ૬.૦૦ કલાકે મનોરથીનાં નિવાસસ્થાને થી કળશનો વરઘોડો નીકળી લાડવાડી, સી.પી.ટેન્ક જશે. ત્યાં પણ કીર્તનોની રમઝટ બોલાવાશે. મનોરથીનાં પરિવાર તથા શ્રી ફગવા ઉત્સવના કાયમી દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવશે.

**ભાવભીનું આમંત્રણ**

તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે વાડાસિનોરવાસીઓ, મુંબઈમાં તેમજ પરામાં રહેતા સર્વ દશાનિમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર પ્રસાદ ગ્રહણ હેતું લાડવાડીમાં પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

તો આ દરેક પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**લી.**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા (હેડમાસ્તર) - માનદ્‌મંત્રી**

**સમસ્ત કારોબારી સમિતિના સભ્યો**

**તથા**

**શ્રીમતી નૂતન પંકજ બાબુલાલ ગાંધી અને તેમના સમસ્ત પરિવારના**

**જે જે શ્રી ગોકુલેશ**

# ચોકલેટ્સ

૧) તમારી આવક મુજબ તમારે સરકારને ભરવો પડે છે (૨)

૨) સાધુ સંતના હાથમાં નિત્ય જોવા મળે છે. (૪)

૩) આપણું રાષ્ટ્રીય ફૂલ (૩)

૪) લગ્નમાં છોકરીઓને અપાતું દાન (૫)

૫) મોર કરે તે (૨)


૬) બેંગાલી સ્વીટ (૪)

૭) શ્રીજીને શ્રીમસ્તક પર ધરાતો એક શણગાર (૩)

૮) શિયાળાની........... ઠંડીની મઝા કે સજા ? (૫)

જવાબ: ૧) કર, (૨) કમંડળ, (૩) કમળ (૪) કરિયાવર (૫) કળા (૬) કલાકંદ (૭) કતરો (૮) કડકડતી

## ‘ક’ પરથી શરૂ થતી વિગત ઉકેલો





શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ ના જે જે શ્રી ગોકુલેશ

# મારે સંગીતને જાણવું છે

**- મનીષા શાહ**

અત્યાર સુધી આપણે ધ્વનિ, નાદ, સ્વર, શ્રુતિ, સપ્તક, થાટ, વાદી, સંવાદી સ્વર, આરોહ, અવરોહ, રાગ વિશે જાણ્યું.

ગયા અંકમાં રાગ કલ્યાણની શરૂઆત કરી. હવે આપણે દરેક રાગમાં લેવાતા આલાપ-તાન એટલે શું તે વિષે જાણશું. રાગ-કલ્યાણનું ઉદાહરણ લઈને...

**આલાપઃ** રાગના સ્વરોને જ્યારે વિલંબિત રીતે એટલે કે એકદમ શાંતિથી એક સ્વરથી બીજા સ્વર પર જવા માટે થતો ઢાળ, તેમાં થતી અલગ અલગ રીતની મીણા, ગમક, મુર્કી તે બધી કળાઓથી ઉત્પન્ન થાય તે આલાપ. કોઈવાર આલાપ સ્વરોથી બોલાય, કોઈવાર આકારથી એટલે (આ-આ) થી હોલાય, કોઈવાર તબલાના તાનથી બોલાય. પણ અંતે દરેક આલાપ તબલાના તાલને ધ્યાનમાં રાખી જ લઈ શકાય. ગમે એમ નહીં, તે બરાબર તાલને પકડીને ગાવાથી જ તેની મધુરતા દેખાય છે. કોઈવાર આલાપ ૮ માત્રામાં, કોઈ વાર ૧૬ માત્રામાં પણ લઈ શકાય.

આલાપ કરવો એ શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન છે, ઊંડાણ છે, તમારો સૂર પર, સ્વર પર કેટલો કાબૂ છે તે દેખાડે છે.

જેમ કે રાગ કલ્યાણમાં લેવાતો આલાપ.

**૮ માત્રાનો આલાપ**

૧) **સા .......... । નિ રે સા - ।**
૨) **સા - નિ રે । ગ રે સા - ।**
૩) **નિરે ગમં પ - । મં ગ રે સા ।**
૪) **નિ રે ગ મં । પ - રે સા ।**

**૧૬ માત્રાનો આલાપ (રાગ - કલ્યાણ)**

**૧) નિરે ગમં વ - । મં ધ પ - । પમંગરે । નિ રે સા - ।**
**૨) ગ મં પ નિ । સાં - નિ ધ પ । - મં ગ રે । સા નિ રે સા ।**

આવા અનેક આલાપ રાગના સ્વરોને લઈ રંજકતા સાથે લઈ શકાય.

**તાનઃ** તાન એટલે જયારે રાગમાં વપરાતા સ્વરોને દ્રુત ગતિ એટલે કે ઝડપથી સ્વરોનું આંદોલન થતું હોય એમ ગાવામાં આવે. તાનને પણ લય અને તાલની સાથે લેવા જરૂરી છે. પણ તેની ગતિ વધારવા ચાર માત્રામાં, આઠ માત્રામાં કે સોળ માત્રામાં પણ વધારે વધારે સૂરો લઈ તેને લઈ શકાય. તેને દુગુન, ચૌગુન, ત્રિગુન કહેવાય.

**જેમ કે ૮ માત્રામાં (રાગ - કલ્યાણ) તાન,**

**૧) નિરે ગમં પમં ગરે । પમં ગરે નિરે સા- ।.**
**૨) નિરે ગમં ધનિ સારે । સાંનિ ધપ મગ રેસા ।.**

**૧૬ માત્રામાં (રાગ - કલ્યાણ) તાન**

**૧) ગગ રેસા નિરે ગમં । પધ પમં ગરે સા - ।**
**નિનિ ધપ મંધ નિસાં । નિધ પમં ગરે સા - ।**
**૨) ગમં પગ મંપ મંપ । ગમં પમં ગરે સા- ।**
**ધનિ સાંધ નિસાં નિસાં । નિધ પમં ગરે સા - ।**

**રે - આ હતી કલ્યાણની ઝલક**



ચિ. પુરવ પરીખ

## બાલાસિનોરવાસીઓનું ગૌરવ
## ક્રિકેટ જગતમાં ઉદય પામતો પ્રથમ સિતારો

**ચિરાગ ચંદ્રકાંત પરીખનો સુપુત્ર પુરવ**



સમગ્ર બાલાસિનોરવાસીઓ ઝુમી ઊઠે એવા ૨૦૧૭ના નવાવર્ષના ખુશખબર એટલે ૧૬ વર્ષથી નીચેની વય માટેની ક્રિકેટ ટીમમાં મુંબઈ ક્ષેત્રમાંથી સ્ટેટ લેવલ પર વિજય મર્ચંટ ટ્રોફી માટે સિલેક્ટ થયેલું નામ એટલે પુરવ ચિરાગ પરીખ.

સ્ટેટ લેવલ પર બાલાસિનોરવાસીઓમાં સૌ પ્રથમ પસંદગી પામ્યા બદલ પુરવે ખરાઅર્થમાં બાલાસિનોરવાસીઓનું નામ રોશન કર્યું છે. શ્રી બાલાસિનોર નવયુવ સંઘ તથા સમગ્ર સમાજ તરફથી ધન્યવાદ, અભિનંદન.

પુરવ, Best of Luck. સમગ્ર સમાજનું પીઠબળ તને ઝળહળતી કારકિર્દી બનાવવા પ્રોત્સાહિત કરે છે.

# બાલાસિનોરનો ટૂંક ઈતિહાસ (પૂર્વાર્ધ)

**- શ્રી કિર્તનલાલ લટકારી**

મહાભારત કાળના હિડિંબવન વિસ્તારમાં આવેલા બાલાસિનોરના પ્રદેશનો ઈતિહાસ અજ્ઞાત છે. આ પ્રદેશમાં પુરાણ પ્રસિદ્ધ અસૂરોનો વસવાટ હતો. શિવની લિંગ પૂજા અતિ પ્રાચીન કાળથી આ પ્રદેશમાં થતી. આપેશ્વર મહાદેવથી ભીમભમરડાના વિસ્તારમાં જો ખોદકામ થાય તો પ્રાચીન ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થવાનો સંભવ છે. ભીમભમરડા બાજુના એક ખેતરમાં કુવાનું ખોદકામ કરતાં, પહેલાંના વખતના બાંધકામના અવશેષો સમી ઈંટોથી બાંધેલી નીસરણી મળી આવી હતી.

ચાવડાઓ અને સોલંકીઓ પહેલાંના ગુજરાતના ઈતિહાસ વિષે બહુ માહિતી લબ્ધ નથી, અને તેમાંય વાડાસિનોરના ઈતિહાસ વિશે તો માહિતી હોય જ ક્યાંથી? જયસિંહ સિદ્ધરાજના વખતમાં આ વિસ્તાર તેની આણ નીચે હોવો જોઈએ. આ વિસ્તારમાં આવેલી તેના વખતની વાવો પરથી આવું અનુમાન સહેલાઈથી થઈ શકે છે. વાડા અને સિનોર નામના નજીક નજીક આવેલા બે ગામડાં પરથી વાડાસિનોર વસ્યું હોય અને ટુંકા હુલામણા વાડશોલ નામે પણ ઓળખાતું હોય!

બાબીઓ પહેલાંનો બાલાસિનોરનો ઈતિહાસ પણ અજ્ઞાત છે. આથી કેટલાક ઈતિહાસકારો આ પ્રદેશ વીરપુરના સોલંકીઓને તાબે હોવો જોઈએ એવું માને છે. ધવળદેવનો પ્રપૌત્ર વીરભદ્ર ચુંવાળનો કાલરીગઢ છોડી વીરપુર ગામે આવ્યો અને ત્યાંના ઠાકોર વીરા બારૈયાને મારીને ઈ.સ.૧૨૨૫માં તેનું રાજ્ય લઈ લીધું. તેના વારસો કીકાજી માનસિંહ, માહવસિંહ, ગમસિંહ, પૃથ્વીપાળસિંહ, વિક્રમસિંહ અને વિઠલસિંહે વિરપુરમાંથી ગાદી ઉઠાવી મહી નદીના કિનારે ડીઘ્ઘા ગામે સ્થાપી અને તેના વંશજ ભીમસિંહે ઈ.સ. ૧૩૯૪માં ડીઘ્ઘામાંથી રાજધાની ઉઠાવી લુણાવાડામાં ગાદી સ્થાપી. એ રીતે વાડાસિનોરનો પ્રદેશ વીરપુરને તાબે નહિ પણ લુણાવાડાને તાબે હોવો જોઈએ. પરંતુ એક દંતકથા મુજબ આ પ્રદેશના અધિપતિઓ ડોળિયા રજપૂતો હતા. ઈ.સ. ૧૬૦૫માં મહમદ બેગડાના હજુરોના સ્વારોએ આ પ્રદેશ જીતી લીધો. મુસલમાનો અને ડોળિયા રજપૂતો વચ્ચે ભારે યુદ્ધ થયું અને તેમાં તમામ રજપૂતો કપાઈ ગયા.

મહંમદ બેગડાએ આ વિસ્તારમાં એક થાણું સ્થાપી અત્રેના થાણેદારને સફદરખાનનો ઈલકાબ આપ્યો. આ પ્રદેશમાં ઓછામાં ઓછા એક હજાર આંબાના ઝાડ રોપવાનો એક તામ્રપત્ર ઉપરનો હુકમ જોવામાં આવ્યો છે. આ પ્રદેશમા બારૈયા, ભીલો અને કોળીઓનો ભારે રંજાડ હતો. અત્રેનું થાણું સ્થાપવાની

મહંમદ બેગડાએ અગત્ય જોઈ અને એથી આ પ્રદેશના વેપારને પણ લાભ થયો.

ત્યાર પછી મોગલ શહેનશાહ અકબરે ગુજરાત પર ચઢાઈ કરી તેને જીતી લીધું. અમદાવાદમાં સુબાની નિમણુંક કરી ગુજરાતનો રાજ્યવહીવટ પોતાના હાથમાં લીધો. મોગલ બાદશાહ શાહજહાંના વખતમાં બહાદુરખાન બાબી અફઘાનીસ્તાનથી દિલ્હી આવ્યા અને મોગલ ફોજમાં જોડાયા. તેનો પુત્ર શેરખાન શાહજાદા મુરાદ સાથે ગુજરાત આવ્યો. શેરખાન બહાદુર અને બાહોશ સરદાર હતો. તેણે ચૂંવાળના કોળીઓને વશ કર્યા તેથી તેને ચૂંવાળ પરગણાનો થાણેદાર નીમવામાં આવ્યો. આ શેરખાનને ચાર દીકરાઓ હતા. પહેલો મહંમદ મુબારીઝખાન ઈ.સ.૧૬૭૪માં કડીમાં ફોજદાર નીમાયો. બીજો મહંમદ મુજફ્ફર કડીનો સુબો હતો. ત્રીજો જાફરખાન જેના વંશજોએ રાધનપુર, જુનાગઢ, વાડાસિનોર અને બાટવામાં નવાબી સ્થાપી. ચોથા બાઝખાનને રાણપુરમાં જાગીર મળી.

શેરખાનના મૃત્યુબાદ જાફરખાનને ચૂંવાળા પરગણાનો થાણેદાર નીમવામાં આવ્યો. તેને સફદરખાનનો ઈલકાબ મળ્યો અને પાટણની નાયબ સુબાગીરી પણ મળી. પરંતુ ઈ.સ. ૧૬૯૮માં મોગલ સુબા સુજાતખાને બંડ કર્યું, જાફરખાને તેને પકડયો અને માફી મંગાવી છોડી મૂક્યો. બે ઠેકાણે તેને નાયબસુબા તરીકે નીમવામાં આવ્યો.

આજ અરસામાં ગુજરાત પર મરાઠાઓના હુમલા શરૂ થઈ ગયા હતા. મરાઠા સરદારોએ ગુજરાતના દક્ષિણ ભાગમાં ચઢાઈ કરી. તેમને અટકાવવા નજરઅલીખાન અને જાફરખાન બાબીએ રાજપીપળાના રતનપુર આગળ છાવણી કરી લડાઈની તૈયારીઓ કરવા માંડી. પરંતુ મરાઠા સરદાર ધનાજી જાદવે ઓચિંતો હુમલો કરી જાફરખાનને કેદ કર્યો અને તેના એક બેટાને મારી નાખ્યો. જાફરખાને દંડ ભરી પોતાનો છુટકારો મેળવ્યો. તેને પાટણ પાછા ફરવું પડયું. થોડા વરસ બાદ દુર્ગાદાસ રાઠોડે ફરીથી બંડ કર્યું. જાફરખાને ફરીવાર બઢતી આપી અને તેને પાટણનો સૂબો બનાવવામાં આવ્યો. આ જ વખતથી તેઓ ગુજરાતના મોટા અને આબરૂદાર મુસલમાન ઉમરાવ તરીકે પંકાયા.

જાફરખાનના બેટા મહંમદ શેરખાનને ‘જવાંમર્દખાનનો ઈલકાબ મળ્યો અને રાધનપુરનો અધિકાર મળ્યો. પાછળથી તેના વંશજો રાધનપુરના નવાબો થયા.

તેના બીજા બેટા સલાબત મહમંદખાનને વીરમગામમાં સૂબાગીરી મળી. સલાબત મહંમદખાનના બેટા મહંમદ બહાદુરને અમદાવદની આસપાસના પરગણાનો ફોજદારી અધિકાર મળ્યો, અને ત્યારપછી શેરખાનના ઈલકાબ સાથે સાદરા તથા વીરપુર (કાઠિયાવાડ)ની સૂબાની પદવી મળી. સલાબતખાનને આ ઉપરાંત બીજા બે દીકરાઓ હતા. દલીલખાન અને જમાનખાન તેઓ બાંટવાના નવાબના મૂળ પુરૂષ.

ઔરંગઝેબના વખતમાં સલામત મહંમદખાનને ધોધા (કાઠીયાવાડ) અને બાલાસિનોરની જાગીરો મળી. આ જાગીરમાં તેમને પાંચસો જાતી મનસબ અને અઢીસો સવારવાળું થાણું રાખવું પડતું હતું. તે જમાનામાં થાણું એટલે રૈયત અને મુસાફરોના રક્ષણ માટે ઘોડેસ્વાર તથા બંદુક તીરકામઠાવાળું પાયદળ. અમદાવાદથી ૩૫ કોસ દૂર બાલાસિનોર પાટનગર જવાના રસ્તામાં અને તેની પડોશમાં વટેમાર્ગુઓને લુંટી લેનાર કોળીઓ વસતા હોવાથી સલાબત મહમંદખાને પાકો કોટ બંધાવ્યો અને એક ટેકરા ઉપર પોતાને માટે મહેલ બંધાવ્યો.

(ક્રમશઃ)

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **પ્રબોધ રસિકલાલ કડકીઆ (હાલોલવાળા)**
  ૫૦૪, શ્રીજી એપાર્ટમેન્ટ,
  એમ.જી.ક્રોસ રોડ નં. ૧,
  સાઈ નગર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭
  **મોબાઈલ: ૯૮૯૨૧૫૨૧૮૨**
  **૯૯૮૭૩૯૨૦૮૫**

## નવા ટેલીફોન

**પુષ્પાબેન રસિકલાલ ગાંધી**
**સંદિપ રસિકલાલ ગાંધી (પાકા)**
**ઘરનો: (૭૧૪) ૭૩૫-૮૦૩૭**
**મોબાઈલ: (૫૬૨) ૪૧૨ - ૬૦૨૬**

## તેજસ્વી તારલા

**કીનીતા કડકીઆ પટેલ** આપણા સુનીલ પુનમચંદ કડકીઆ (બેરા)ના સુપુત્રીએ પોતે લખેલી બુક "THE ATHLETE IN YOU' A FITNESS AND LIFE STYLE GUIDE" નું ઉદ્‌ઘાટન કર્યું હતું. સી. સી. આઈ ખાતે યોજાયેલ આ સમારંભમાં શ્રી સુનીલ ગાવસ્કર,શ્રી ઝાહીરખાન તથા ડૉ. આશીષ કોન્ટ્રાકટર હાજર રહ્યા હતા.

કીનીતા પોતે Nutritionist તથા ફીટનેસ એક્સપર્ટ છે.

આવા વ્યક્તિગત સમ્નાન બદલ સંસ્થા કીનીતા તથા તેના પરિવારને ખુબ ખુબ આશીર્વાદ આપે છે.

**આ બુક amzon.com પર ઉપલબ્ધ છે.**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ભારતી ભરતકુમાર શાહ | ૬૯ |
| રાજેન મહેન્દ્રભાઈ ધારીયા | ૬૫ |
| કુસુમબેન જયંતિલાલ કડકીઆ (હાલોલવાળા) | ૮૪ |
| મધુબેન નટવરલાલ દેસાઈ (અમદાવાદ) | ૯૩ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

## મૃત્યુ

**- ઈન્દુ દેસાઈ**

મૃત્યુનો પંથ સહજતાનો કિનારો
મૃત્યુનાં પંથે મને હળવાશ લાગે
મૃત્યુનાં આંગણે સૌના સંભારણા
માનવીના અંતર કેરો છે અહીં આરામ
માનવીને મૃત્યુનો ડર શાને લાગે !
મૃત્યુથી જીવનનો થાક ઉતરે
નૂતન વર્ષના નવા આગમનનું પ્રસ્થાન
નવા વસ્ત્રોપરિધાન કરવા ધરીયે ધ્યાન
ઈશ્વરના આવાસમાં રહ્યો છે આરામ
મૃત્યુને ન ટાળી કે ભીતિને ન ભાળી શકીએ
અંતર કેરા ઓરડામાં અંધકાર ન વ્યાપી શકે
જીવનના દર્શનનો થાય બરાબર હિસાબ.
ઈશ્વરના સાંનિધ્યમાં રહે સતત ધ્યાન
ઈશ્વરના દરબારમાં એનું છે મંગલગાન